# ધોરણ-૧૨ના સમાજશાસ્ત્રના પેપરમાં વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે જોવાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો.૧૨ની પરીક્ષામાં શનિવારે સમાજશાસ્ત્ર વિષયની પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષામાં કોર્સ બહારના પ્રશ્નો પૂછવામાં આવ્યા હોવાની ફરિયાદ બહાર આવી હતી. આ મુદ્દે બોર્ડે ચકાસણી કરતાં હિન્દી અને અંગ્રેજી માધ્યમના પ્રશ્નપત્રમાં બે પેજ જૂના કોર્સના પ્રશ્નોના પૂછી દેવામાં આવ્યા હોવાનું ખુલ્યું હતું. બોર્ડ દ્વારા પ્રિન્ટિંગ પ્રેસનો ખુલાસો માંગવામાં આવતાં આ પ્રકારની ભૂલ થઈ હોવાનું કબૂલવામાં આવ્યું હતું. હવે બોર્ડે વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે પ્રકારે ઉત્તરવહી ચકાસણીની કામગીરી કરવાનું નક્કી કર્યું છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં શનિવારે સમાજશાસ્ત્ર વિષયની પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષા આપતાં વિદ્યાર્થીઓએ અનેક પ્રશ્નો કોર્સ બહારના હોવાની ફરિયાદ કરી હતી. ખાસ કરીને હિન્દી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને જે પ્રશ્નપત્રો આપવામાં આવ્યા હતા તેમાં આ પ્રકારની મુશ્કેલી ઊભી થઈ હતી. વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે અંદાજે ૨૫ માર્કસના પ્રશ્નો કોર્સ બહારના પૂછવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ અને વાલીઓની ફરિયાદ બાદ બોર્ડ દ્વારા અંગે તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં બોર્ડના સભ્યોની તપાસમાં એવી વિગતો બહાર આવી હતી કે, પ્રશ્નપત્રમાં બે પેજ જૂના કોર્સના છાપી દેવામાં આવ્યા હતા. સભ્યોની તપાસ બાદ બોર્ડ દ્વારા આ મુદ્દે બોર્ડના પ્રશ્નપત્ર છાપવાની કામગીરી કરતાં પ્રેસ સંચાલકોનો ખુલાસો માંગવામાં આવ્યો હતો. પ્રેસના સંચાલકોએ એ વાત કબૂલી લીધી હતી કે, પ્રેસમાં જ પ્રશ્નપત્ર છાપવામાં આ પ્રકારની ભૂલ થઈ હતી. આમ, હિન્દી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને આપવામાં આવેલા સમાજ શાસ્ત્રના પ્રશ્નપત્રમાં બે પેજ જૂના કોર્સના હોવાના કારણે વિદ્યાર્થીઓ મૂંઝાયા હતા. મોટાભાગના વિદ્યાર્થીઓએ આ પ્રશ્નો છોડી દીધા હતા.બોર્ડ દ્વારા આ વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે પ્રકારે ઉત્તરવહીની ચકાસણી કરવાનો નિર્ણય કરાયો છે. સામાન્ય રીતે આ પ્રકારની ભૂલ બોર્ડ દ્વારા લેવામાં આવતી કોઈ પરીક્ષામાં થતી નથી. પરંતુ સમાજશાસ્ત્રના વિષયમાં આ પ્રકારની ગેરરીતિ બહાર આવતાં હવે વિદ્યાર્થી-વાલીઓમાં ભારે દ્વિધાભરી સ્થિતિ ઊભી થઈ છે.

## સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં
# ઈન્ટર હાઉસ ક્વિઝ કોમ્પિટીશન યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં ઈન્ટર હાઉસ ક્વિઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. રેડ, ઓરેન્જ, બ્લૂ અને ગ્રીન એમ ચારેય હાઉસમાંથી ધોરણ મુજબ પાંચ વિદ્યાર્થીઓએ આ કોમ્પિટીશનમાં ભાગ લીધો હતો. ઓડિયો વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, અલ્ટ્રાસાઉન્ડ સિસ્ટમ, પ્રોજેક્ટર જેવી અત્યાધુનિક ટેકનોલોજીના આયોજનબદ્ધ ઉપયોગ દ્વારા સ્પર્ધક વિદ્યાર્થીઓએ પોતાની આગવી સૂઝ-બૂઝ અને બુદ્ધિશક્તિથી પોતાના હાઉસને વિજેતા બનાવવા સફળ પ્રયાસો કર્યા હતા. ગુજરાતી માધ્યમમાં રેડ હાઉસ અને અંગ્રેજી માધ્યમમાં ઓરેન્જ હાઉસની ટીમ વિજેતા બની હતી. સ્પર્ધાના આયોજન, સંચાલન માટે શિક્ષકોએ સરાહનીય જહેમત ઉઠાવી હતી. શાળાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તમામ સ્પર્ધક વિદ્યાર્થીઓ અને ઈવેન્ટનું આયોજન કરનારા શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# જન્મદિને વધામણી



ગોપાલભાઈ સોમાભાઈ પટેલ
મો. ૯૪૨૬૩ ૧૭૬૭૩



ગૌરાંગ પી શર્મા
મો. ૯૦૩૩૬ ૧૨૦૩૬



પાર્થરાજ પી શ્રીમાળી
મો. ૯૬૮૭૮ ૦૯૪૬૮



એમ. સી. નાયર
નિવૃત્ત સનદી અધિકારી અને પૂર્વ કલેક્ટર ગાંધીનગર
મો.:૯૪૨૭૩૧૦૮૮૬

## ગ્રામ્યક્ષેત્રને પણ અણુ ઉર્જાના સકારાત્મક વૈજ્ઞાનિક સંશોધનોનો પ્રત્યક્ષ લાભ થાય તે હેતુસર
# પીડીપીયુ ખાતે સેમીનાર અને નિદર્શન





ગાંધીનગર, તા. ૨૭

ગ્રામ્યક્ષેત્રને પણ અણુ ઉર્જાના સકારાત્મક વૈજ્ઞાનિક સંશોધનોનો પ્રત્યક્ષ લાભ થાય તે માટે ભારત સરકારના અણુ ઉર્જા વિભાગ, ભાભા અણુ ઉર્જા કેન્દ્ર તથા પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સીટીના સંયુક્ત ઉપક્રમે મંગળવારે PDPU ખાતે DAE, BARC, PDPUના અગ્રણી વૈજ્ઞાનિકો, ગાંધીનગર તાલુકાના પોર ગામના અગ્રણી ખેડૂતો, PDPUના વિદ્યાર્થીઓ તેમજ અણૂ ઉર્જાના તજજ્ઞોની હાજરીમાં સેમીનાર તેમજ નિદર્શન યોજાયું હતું. જેમા વૈજ્ઞાનિકોએ ઉપસ્થિત ખેડુતો તેમજ વિદ્યાર્થીઓને ખોરાક, કૃષિ તેમજ ગંદા પાણીના નિકાલ માટે અણુ ઉર્જાનો અસરકારક અને માનવિય પાસાને ઉજાગર કરતો ઉપયોગ કેવી રીતે થઈ શકે તે બાબતે ગહન માર્ગદર્શન આપ્યું હતું. સદર કાર્યક્રમાં અણુ ઉર્જા વિભાગના ચેરમેન ડૉ. કે. એન. વ્યાસે ખેડૂતો સાથે પ્રત્યક્ષ ચર્ચા કરી ખેડૂતોને અણુ ઉર્જા અંગેની ટેક્નોલોજીથી શું શું લાભ થઈ શકે તે અંગે ગહન ચર્ચા કરી ખેડૂતોને અણુ ઉર્જા વિભાગ તરફથી સંપુર્ણ સહકારની ખાતરી આપી હતી. BARCના અગ્રણી વૈજ્ઞાનિકો ડૉ. સૌમિત્ર કાર, યુ. કે. સિન્હા, શ્રીમતિ મુલે, તેમજ PDPUના પ્રોફેસર ડૉ. અનુરાગ મુદગલે ખેડૂતો તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. બીજા સત્રમાં ખેડૂતો તેમજ વિદ્યાર્થીઓએ અણુ ઉર્જા અંગેનું નિદર્શન નિહાળ્યું હતું.

પોર ગામના ખેડૂત આગેવાન શ્રી વિષ્ણુભાઈ પટેલે અખબરી યાદીમા જણાવ્યુ છે કે, સદર સેમીનાર તેમજ નિદર્શનમાં ગાંધીનગર તાલુકાના પોર ગામના ખેડૂતો સુમનભાઈ પટેલ, ગફુલજી ઠાકોર, ચિરાગજી ઠાકોર, મહેન્દ્રભાઈ પટેલ, નારણભાઈ પટેલ, વિનુભાઈ પટેલ, ગાભાજી ઠાકોર, કાળાજી ઠાકોર, પ્રકાશભાઈ પટેલ, રામાજી ઠાકોર વિગેરે હાજર રહ્યા હતા

# સિદ્ધાર્થ લૉ કૉલેજની પરીક્ષા રસીદ બાબતે સ્પષ્ટતા

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા રસીદમાં થયેલી એક ભૂલ બાબતે સુધારણાની અપીલ સિદ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા કરવામાં આવી છે.

કૉલેજના આચાર્યએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આગામી તા. ૨૯ માર્ચથી શરૂ થઈ રહેલી ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા રસીદમાં શરતચૂકથી સિદ્ધાર્થ લૉ કૉલેજ, સૅક્ટર-૨૧ છપાયું છે, જે હકીકતે સૅક્ટર-૧૬ હોવું જોઈએ. કારણ કે સિદ્ધાર્થ લૉ કૉલેજ સૅક્ટર-૧૬ ખાતે સ્થિત છે. આ કારણથી સૌ પરીક્ષાર્થીઓને ભૂલ સુધારીને સૅક્ટર-૧૬ વાંચવા, સમજવા તેમણે અપીલ કરી છે.

# બેલા ઠાકર સંપાદિત 'રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં' પુસ્તકનું વિમોચન





ગાંધીનગર, તા. ૨૭

વિશ્વ રંગભૂમિ દિવસની પૂર્વસંધ્યાએ વરિષ્ઠ પત્રકાર બેલા ઠાકર સંપાદિત 'રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં' પુસ્તકનું વિમોચન સાહિત્યકાર કુમારપાળ દેસાઈના હસ્તે થયું હતું. આ પ્રસંગે કુમારપાળ દેસાઈએ કહ્યું કે, ''બેલા ઠાકરે આ પુસ્તકમાં ૨૬ રંગકર્મીના સ્મરણોનું આલેખન કર્યું છે. આ એક ઈતિહાસ છે. જે પ્રજા પોતાનો ઈતિહાસ ભૂલી જાય છે, એનું ભવિષ્ય અંધકારમય બની જાય છે. આ રંગમંચના ઈતિહાસનું પુસ્તક છે. મોટું કામ છે. 'રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં' પુસ્તકનો મહિમા છે, એટલા માટે કે એમાં રંગભૂમિ માટે ખપી જનારાઓની વાતનું આલેખન કર્યું છે.''

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ખાતે યોજાયેલાં કાર્યક્રમમાં સર્જક તુષાર શુક્લે કહ્યું કે, ''બેલા ઠાકરે 'રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં' પુસ્તકમાં વિદ્યમાન રંગકર્મીઓની મનભર વાત પત્રકાર તરીકે એકત્ર કરી છે. એમાં રંગકર્મીઓની સ્મરણયાત્રા છે. આ પુસ્તકના આધારે રંગભૂમિના ક્ષેત્રમાં ભવિષ્યમાં કામ થઈ શકશે.'' નિર્માત્રી-નિર્દેશિકા અદિતિ દેસાઈએ જણાવ્યું કે, ''નાટક અમારો વ્યવસાય નથી, પણ જીવન છે. મને આનંદ છે કે 'રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં'માં નવી રંગભૂમિના કેટલાક કલાકારોની હૃદયદ્રાવક વાતનું વર્ણન છે. કદાચ, સમાજને આ પુસ્તક જરૂરી નહીં લાગે. પરંતુ બેલા ઠાકરે આ પુસ્તક થકી કલાકારો અને રંગભૂમિની વાત સમાજ સમક્ષ મૂકી આપી છે.'' આ પ્રસંગે અદાકાર અર્ચન ત્રિવેદીએ શશિકાંત નાણાવટી સાથે મોબાઈલ ફોન પર વાતચીત કરી, એ અંગેનું એક દૃશ્ય રંગમંચ પર ભજવ્યું અને શશિકાંત નાણાવટીને જીવંત કર્યા, આ ક્ષણે ભાવકો ભાવવિભોર થયા હતાં. અજય ઉમટે કહ્યું હતું કે, ''ગુજરાતમાં નાટક ચાલે છે. જોરદાર માહોલ છે. અદિતિબેન, અર્ચન, સૌમ્ય જોશી, રાજુ બારોટ, કલ્પના જેવા કલાકારો છે, ત્યાં સુધી ગુજરાતી રંગભૂમિ જીવંત રહેશે. નાટક સમાજમાં ક્રાંતિ લાવી શકે છે. નાટકે એવું કંઈક કોન્ટ્રીબ્યૂટ કરવું જોઈએ, જેનાથી સમાજમાં જાગૃતિ આવી શકે.''

પોતાની લેખનપ્રક્રિયા અંગે પત્રકાર-લેખિકા બેલા ઠાકરે કહ્યું હતું કે, ''આ પુસ્તક મારા માટે મહત્વનું અને ભાવનાત્મક જોડાણ ધરાવે છે. 'રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં'માં ફક્ત રંગભૂમિના ખાટા-મીઠાં સંભારણા નથી, પરંતુ આ રંગભૂમિનો એક ઐતિહાસિક દસ્તાવેજ છે.'' ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના મનુભાઈ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન અલ્પા શાહે કર્યું હતું. આ પ્રસંગે પૂર્વ ચીફ સેક્રેટરી પી.કે.લહેરી, પદ્મશ્રી ઝવેરીલાલ મહેતા, સાહિત્યકાર ચંદ્રકાન્ત શેઠ સહિતના સાહિત્ય અને નાટ્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રેષ્ઠ પ્રત્યાયનકાર

॥ સાતમો મણકો ॥

અથવા મારી જેટલી શક્તિ હોય તેટલી અસ્પૃશ્યતારૂપી રાવણનો વધ કરવા કરાવવામાં ખરચવી જોઈએ. મૃત્યુશય્યાનો અવસર ઠેલવાને મારું હરિજન ઈત્યાદિ પ્રવૃત્તિઓ છે. પ્રતિજ્ઞાપાલનનો બોજો મારા ઉપર ભલે વધારે હોય, પણ ઓછાવત્તાપ્રમાણમાં એ બોજો પ્રત્યેક હિંદુ જે અસ્પૃશ્યતાને પાપરૂપ માને છે તેની ઉપર પણ છે એ બોજો કેવી ઉઠાવાયએ હરિજનબંધુ થોડેઘણે અંશે બતાવશે.'' (હરિજન, ૨૭ માર્ચ, ૧૯૩૯).

ગાંધીજીએ અખબારોમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધારવો, પ્રૌઢશિક્ષણ, ભોજન અને આરોગ્ય, સ્વચ્છતા, અસ્પૃશ્યતાનિવાર, કોમી વિસંવાદિતાને દૂર કરવી, નશાબંધી, ખાદીના ઉત્પાદન અને ખાદીના હાથવણાટનાં વસ્ત્રોનો પ્રચાર પ્રસાર, ગ્રામોદ્યોગની સ્થાપના કરવી, સાબુ બનાવવા,તેલ કાઢવાની ઘાણી, દીવાસળી બનાવવી, ખેડૂત સંબિધત સમસ્યાઓ, સ્વચ્છતા, ગામડાંને સમૃદ્ધ કરવા, પશુધનની સ્થિતિ વગેરે સમસ્યાઓ દૂર કરવા માટે અનેક લેખોલખીને પણ ગાંધીજીએ પ્રશ્નો ઉકેલવાના પ્રયત્નો કર્યા. એમના શબ્દોમાં કહીએ તો, ''અસ્પૃશ્યતાનિવારણ માટેના પ્રયત્નો એ મારી જિંદગીમાં વણાઈ ગયેલો એક ભાગ છે. મારી સાથે જોડાયેલી કોઈપણ પ્રવૃત્તિથી તમે એને અળગી ન પાડી શકો.''




### સમૂહ પ્રત્યાયનકાર તરીકે

મહાત્મા ગાંધી એક શ્રેષ્ઠ પત્રકાર, લેખક, વક્તા, દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહરૂપી અસાધારણ હિંમત દાખવી હિંદીઓની દયનિય સ્થિતિમાં બહાર લાવનાર અને સત્યની શોધ સાથે ૨૦૦ વર્ષના બ્રિટીશ સામ્રાજયમાં મુક્તિ અપાવી. એ મહાત્માગાંધી આજે જનસંપર્ક અને સમૂહ પ્રત્યાયનકાર ક્ષેત્રે સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ છે.

મહાત્મા ગાંધીજીએ આંતર વૈયક્તિક માધ્યમો અને પરંપરાગત માધ્યમોની સાથોસાથ આધુનિક સમૂહ માધ્યમોનું એક શક્તિશાળી માધ્યમ 'અખબાર' પણ પોતાના હેતુની સિદ્ધિ માટે વાપર્યું. હકીકતમાં ભારતના રાષ્ટ્રીય રાજકારણમાં તેમનો પ્રવેશ અને તેમનાં કાર્યોની પ્રગતિએ ભારતીય પત્રકારત્વને નવી દિશા આપી. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિનો વિરોધ કરવા અને આંદોલનમાં 'ઈન્ડિયન ઓપિનિયન'નામનું સાપ્તાહિક, ભારતમાં તેમણે અસહકારના આંદોલનની શરૂઆત કરી ત્યારે તેમને લોકોને શિક્ષિત કરવા 'યંગ ઈન્ડિયા', 'નવજીવન' અને અસ્પૃશ્યતાનિવારણના માટે તેમણે 'હરિજનબંધુ' શરૂ કર્યું હતું.


ગાંધીજી દેશની એ સમયની કુલ વસતિના દસ ટકા લોકોને અત્યંત ગતિશીલ બનાવી શકયા હતા. ચાર કરોડ લોકોને બ્રિટીશ સામ્રાજયની વિરુદ્ધ ઊભા કરી ગામડાં અને શહેર વચ્ચેની ખાઈ પૂરવાનું દુષ્કર કાર્ય ગાંધીજીએ સ્વતંત્રતા આંદોલન દરમિયાન જ કર્યું.માહિતીસંચારનાં સાધનો અત્યંત ઓછા અને બ્રિટીશ સામ્રાજયમાં અનેક બંધનો વચ્ચે ગાંધીજી કઈ રીતે આટઆટલા વિવિધતા સભર લોકો સાથે તેમની ભાષામાં તેમના સુધી પહોંચી પ્રત્યાયન કરી શકતા એ આજે પણ મોટું આશ્ચર્ય છે. આમ કહી શકાય કે, ગાંધીજીમાં જનસંપર્કની કોઈ આગવી શક્તિ છે.

અમેરિકાના જનસંપર્ક નિષ્ણાંત એડવર્ડ એસ. બર્નેલના મત અનુસાર જનસંપર્ક એટલે માહિતી આપીને, વિનંતી કરીને, ગોઠવણ કરીને કોઈ કારણ, કોઈ આંદોલન અથવા કોઈ સંસ્થાન માટે લોકોનો અવાજ સંગઠિત કરવા અને તેમનો ટેકો મેળવવા માટે ગતિશીલ થઈને કરેલા પ્રયત્નો. જનસંચાર, જનમત અને જનસંપર્કનો સફળ ઉપયોગ કરીને ગાંધીજી રાષ્ટ્રપિતા બન્યા. જનસંપર્કનાક્ષેત્રે તેમણે સિદ્ધ કરેલા માનાંકો અને તેમની તકનિકો આજે પણ એટલી જ પ્રસ્તુત છે.

લોક પરિચય : દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની સ્થિતિ સુધાર અને લડતમાં બે દાયકા જેટલો સમય વિતાવ્યો. ૧૯૧૫માં ભારત આવ્યા. લોકમાન્ય બાળ ગંગાધર ટિળક, ગોપાલકૃષ્ણ ગોખલે જેવા મહાન નેતાઓ સ્વતંત્રતાઆંદોલનના સૂત્રધારો હતાં. રાષ્ટ્રીય આંદોલન તો સમાજના ઉચ્ચ મધ્યમ વર્ગ, ઉચ્ચવર્ગઅને સમાજના બૌદ્ધિક અને શિષ્ટ ગણાતાં વર્ગના થોડાક લોકો સુધી જ સીમિત હતો. ગ્રામીમ પ્રજા સ્વાતંત્રતા માટેના રાષ્ટ્રીય આંદોલનથી દૂર હતી. આ માટે ગાંધીજીએ એક વર્ષ સુધી સમગ્ર ભારતનો પ્રવાસ ખેડ્યો. જેમાં લોકજીવન, લોકોની પ્રાથમિક જરૂરિયાતો, લોકોની સમસ્યાઓનો અભ્યાસ કર્યો. (ક્રમશઃ)

**- મિતેષ મોદી સંશોધિત લેખ 'મહાત્મા ગાંધી એક શ્રેષ્ઠ પત્રકાર અને સમૂહ પ્રત્યાયનકાર'માંથી સાભાર**

# રસાળ ઊર્મિઓની છાલકથી ભીંજાતાં રેખાંકનોનું મેઘધનુષી ઉપવન







સાહિત્યમાં રેખાચિત્રો અને સ્મરણોને આધારિત ચરિત્ર નિબંધો બહુ ઓછા પ્રમાણમાં લખાય છે. ત્યારે નોખા-અનોખા વિષય વૈવિધ્ય ધરાવતા જુદાં-જુદાં ક્ષેત્રોના મહાનુભાવો સાથેના સંબંધોના તાણાવાણાને ગુંથીને સત્ય ઘટનાઓને સુંદર ભાષાકર્મથી નવો ઘાટ આપી જે સ્મરણોને આલેખવામાં આવ્યો છે. તેમાંથી પસાર તાં એવું લાગે છે કે તેમાં ઘણા બધા આપણી આસપાસ આજે પણ વસે છે. લેખકના જીવનમાં અનેક પ્રતિભાઓનો ખૂબ મોટો હિસ્સો હોવાથી તેમને પોંખવાના હેતુથી 'સ્મરણ ફેરો' નામે એક પુસ્તકનું સર્જન થયું છે તેની વાત.

'સ્મરણ ફેરો' લેખક ભીખુ કવિનું રેખાચિત્રો અને સ્મરણ આધારિત લેખોનું પુસ્તક છે. જેમાં ૩૦ જેટલા લેખોને સમાવવામાં આવ્યા છે. અહીં લેખકના જીવનમાં શિક્ષણયાત્રામાં, કલાયાત્રામાં, સાહિત્યયાત્રામાં તથા જીવન યાત્રામાં વિવિધ મુકામે એવા નામી-અનામી વ્યક્તિઓના પ્રભાવમાં પરિચયમાં આવ્યા પછી એમની સાથે સેતુ બનાવી રાખ્યો છે તેની વાત અહીં કરવામાં આવી છે. 'શબ્દોની સુરાહીમાં પિરસાયેલું પંચગવ્ય' શિર્ષકથી જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ પ્રસ્તાવનામાં સાચું જ કહ્યું છે કે, 'ભીખુ કવિ કલાકાર કરતાં સવિશેષ નિર્મળ મસ્ત ફકીર છે. ઓલિયા આદમી છે. અપેક્ષા મુજબના ચરિત્ર નિબંધો બનતાં બનતાં રહી ગયેલા આ લેખો સામાજિક અને કલા જગતના કેટલાક જાણીતા અને કેટલાક ઓછા જાણીતા પરંતુ લેખકને ગમી કયેલા ચહેરાઓના કેલીડોસ્કોપ જેવું લેખકે મેઘધનુષી ઉપવન રચ્યું છે. અહીં સાબરકાંઠાની માટીની મહેંક છે, મીર કોમની લોહીની સગાઈ છે, શિક્ષણ જગતના સાથિયા છે અને ભીખુ કવિ જેની સાથે પોતાપણું અનુભવી રહ્યા છે તે રંગભૂમિ અને ફિલ્મ જગતના માંધાતાઓની મહેફિલ છે. એમણે સાહિત્યક્ષેત્રના મિત્રો પર પણ હેત વરસાવ્યું છે. આ એમનો ગળથૂથીમાં મળેલ કલામય જીવનશૈલીનો દસ્તાવેજ છે. એમણે ગમતાંનો ગુલાલ ઉડાડ્યો છે. ગુજરાતી ભાષા કેવી નસીબદાર છે કે એને રાધેશ્યામ શર્માની 'ફેરો' નવલકથાથી ભીખુ કવિના 'સ્મરણ ફેરો'ના લેખો સુધીની કૃતિઓ સાંપડી છે.'

આ પુસ્તકમાં ચરિત્ર રેખાંકનોમાં લિખાવટની પ્રાંજલતા, ચરિત્ર તાદૃશતા ને સૂક્ષ્મ ખુબીઓ ટૂંકા ફલકમાં આછા લસરકાથી એકધારી જતી નકશીને કારણે વધુ અપીલ કરી જતાં ગદ્યચિત્રો મળે છે. એમનાં લખાણોમાં વિષય પ્રત્યેની નજાકત, જીવંત અને રસપ્રદ નીત સંડોવણી અને અંગતતાની ઊંડી ઓળખ તરત નજરે પડે છે. એ જ કારણે અંગત ઊર્મીઓની છાલકથી આખુંય લખાણ ભીંજાતું લાગે છે. ભાષાની રંગદર્શી ભભક તે રસાળતા વેગમાં સરી જતી વાક્ય રચનાઓ એનો ભાવ સ્પષ્ટ વાચાનુભવ આ સ્મૃતિ રેખાંકનોમાં આપણને પ્રાપ્ત થાય છે. અહીં લેખકને ન.મો. સાથેનો નાતો છે તો જયશંકર સુંદરી અને અભિનયસમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી સાથેનાં સંસ્મરણો પણ છે. ગાંધીનગરના સર્જકો દોલત ભટ્ટ, ભરત કવિ અને ભાનુપ્રસાદ પુરામી તેમજ કદરદાન શ્રી કૃષ્ણકાન્ત જહાનો પણ લેખ મળે છે. લેખકે પ્રાથમિક શિક્ષણનાં સંભારણાં, મારી યાદગાર સ્કૂલ, માણેલા મેળા અને વડાલીનાં યાદગાર પાત્રોનાં સંસ્મરણો પણ આલેખ્યાં છે.

'સ્મરણફેરો'ના લેખક ભીખુ કવિમાં આપણને ભલે એક સીધો સાદો સરળ વ્યક્તિત્વ ધરાવતો માનવ દેખાય પણ તેમનામાં નેતૃત્વના ગુણો છે. કામ કરવાની ક્ષમતા છે, તે અદ્વિતીય છે, કાબિલે તારીફ છે. બેન્ઝામિન ફ્રેન્કલિને કહ્યું છે કે, 'મૃત્યુ પામ્યા પછી જો તમે અમર રહેવા માગતા હો તો એવું કંઈક લખી જાઓ જે વાંચવાલાયક હોય અથવા એવું કંઈક કરી જાઓ જે લખવાલાયક હોય.'

ભીખુ કવિમાં આ બંને ગુણો આપણને જોવા મળે છે, જે 'સ્મરણફેરો' વાંચનારને પ્રતીત થયા વિના નહીં રહે. તેથી જ લેખકના આ પુસ્તકને શુભેચ્છા પાઠવું છે અને અભિનંદું છું.

'સ્મરણફેરો' (રેખાચિત્રો અને સંસ્મરણ)
લેખક : ભીખુ કવિ
પ્રકાશક : સરોજબેન ભીખુભાઈ કવિ,
મુ. શિહોલી મોટી, તા.જિ. ગાંધીનગર
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮, કિંમત રૂા. ૧૨૦/-